GJVD230008062022

| | | |
|---|---|---|
| આંક | : | |
| રજૂ તારીખ | : | ૦૪–૧૧–૨૦૨૨ |
| દાખલ તારીખ | : | ૦૪–૧૧–૨૦૨૨ |
| નિકાલ તારીખ | : | ૧૪–૧૧–૨૦૨૨ |
| સમય | : | |

**કરજણના નામ. નવમા એડીશનલ સેશન્સ જજ**
**(શ્રી આર.એસ.પુરાણી) ની કોર્ટ, કરજણ–વડોદરા.**

**ફોજ.પર.અરજી નં.૨૦૧/૨૦૨૨**

અજયભાઈ અમૃતભાઈ દેસાઈ,
ઉ.વ. : ૩૪, ધંધો : ફરજમોકુફી,
રહે. : સી/૫, પ્રયોસા સોસાયટી,
ભકિતનગર ત્રણ રસ્તા, નવાબજાર,
કરજણ, વડોદરા. :: અરજદાર

વિરુદ્ધ

શ્રી સરકાર :: સામાવાળા

બાબત :: ક્રિ.પ્રો.કોડ કલમ : ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી

***અરજદાર તરફે*** ***: વિ.ધારાશાસ્ત્રીશ્રી આર.ડી.પટેલ***
***સરકાર તરફે*** ***: વિ. એ.પી.પી.શ્રી આર.એમ.જ્ઞાનચંદાણી***

## *:: જજમેન્ટ ::*

૧) અરજદાર–આરોપી તરફે હાલની અરજી આપી જણાવેલ છે કે, કરજણ પો.સ્ટે. પાર્ટ–એ, ગુ.ર. નં. ૧૧૧૯૭૦૨૫૨૧૧૨૮૩/૨૦૨૧ ના કામે ઈ.પી.કોડ કલમ : ૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુન્હાના કામે ત.ક.અમલદારે તા.૨૫–૦૭–૨૦૨૧ ના રોજ અટક કરેલ હોય, ત્યારથી તેઓ જયુ. કસ્ટડીમાં છે. સદર કામે ચાર્જશીટ પણ રજૂ થઈ ગયેલ છે. અરજદારના નાના બાળકનું આધાર કાર્ડ બનાવી તેનું શાળા માં એડમીશન લેવાનું હોય તથા અરજદારને કમરના અન દાંતના દુ:ખાવા ની તકલીફ હોય તે અંગેની સારવાર કરાવવા તથા તેમના જમા થતા પગારને ઉપાડવાની કામગીરી કરવાના હેતુસર દિન–૩૦ ના વચગાળા ના જામીન મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

૨) અરજદાર તરફે વિ.વ.શ્રીએ દલીલ દરમ્યાન અરજીની હકીકતોનું પુનરાવર્તન કરી વિશેષમાં જણાવેલ છે કે, હાલના અરજદાર–આરોપી સામે ત.ક.અધિકારીશ્રીએ તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરેલુ છે. અરજદાર–આરોપી તા. ૨૫–૦૭–૨૦૨૧ થી જયુ. કસ્ટડીમાં છે. અરજદાર નો પુત્ર કે હાલ ત્રણ વર્ષની ઉંમરનો છે તેનું શાળામાં એડમીશન લેવાનું

હોય તે અંગે તેનું આધારકાર્ડ બનાવવુ આવશ્યક છે. વળી, અરજદાર ને પોતાને પણ દાંતના તથા કમરના દુ:ખાવાની ફરિયાદ હોય તે અં ગે જરુરી યોગ્ય સારવાર કરાવવાની હોય તથા તેઓના સરકારી નાણાં તેમના ખાતામાં જમા થતા હોય તે વીથ–ડ્રો કરી પરીવારને આપવાના હોય, આ તમામ કારણોસર દિન–૩૦ માટે વચગાળાના જામીન પર મુકત કરવા હાલની અરજી દાખલ કરેલ હોય તે મંજૂર કરવા વિનંતિ કરેલી છે.

૩) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી. શ્રીએ ત.ક.અધિકારીશ્રીના અભિપ્રાય અનુસધાને દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર–આરોપી સામે ઈ.પી.કોડ કલમ : ૩૦૨ જેવો ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે. તેઓએ પોતાની પત્નીનું મૃત્યુ નીપજાવી, લાશનો નિકાલ કરી દીધેલ હોવા અંગેનો આક્ષેપ છે. અરજદાર–આરોપી કાયદાના જાણકાર હોય જો તેઓને જામીન મુકત કરવામાં આવે તો પુરાવાનો નાશ કરે તેવી પૂરી શકયતા રહેલી છે તથા જામીન મુકત થયા બાદ સજામાંથી બચવા માટે નાસી જવાની અને ટ્રાયલ દરમ્યાન હાજર નહિ રહે તેવી પણ શકયતા નકારી શકાય તેમ ન હોય, હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરવામાં આવેલ છે.

૪) બન્ને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. હાલના કામે રેકર્ડ ધ્યાને લેતા અરજદાર–આરોપી વિરુધ્ધ ઈ.પી.કોડ કલમ : ૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગંભીર પ્રકારના ગુન્હાના આરોપ છે. હાલના

કામે ચાર્જશીટ થઈ ગયેલ છે અને કામ અત્રેની અદાલતમાં પેન્ડીંગ હોવાની હકીકત બિનતકરારી છે. અરજદાર તરફેની માંગણી ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાને કમર નો દુ:ખાવો હોવા બાબતે તથા દાંતની તકલીફ હોવા બાબતેની હકીકતો જણાવી તે અંગે યોગ્ય સારવાર કરાવવા સારુ વચગાળાના જામીનની માંગણી કરવામાં આવેલ છે પરંતુ, ત.ક.અધિકારીશ્રીના અભિપ્રાયમાં જણાવ્યા મુજબ આ તમામ સારવાર તેઓને જેલ મારફતે સરકારી હોસ્પિટલમાં અપાવી શકાય તેમ છે. વળી, આ અંગે અરજદાર તરફે કોઈ મેડીકલ પેપર્સ પણ રજૂ રાખવામાં આવેલ નથી. અરજદાર–આરોપી તરફે તેમના પુત્રનું શાળામાં એડમીશન લેવાનું હોય અને તે માટે તેનું આધારકાર્ડ બનાવવુ આવશ્યક હોવાની જે રજૂઆત કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો તે અંગેની હકીકત માં સત્યતા હોવાનું માની શકાય તેમ છે અને તેના આધારે તેટલા પૂરતી અરજદાર તરફેની રજૂઆત માનવતાના ધોરણે ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાય છે. સાથે–સાથે અરજદાર–આરોપી વિરુધ્ધ ખૂન જેવા ગંભીર પ્રકાર ના ગુન્હાનો આક્ષેપ હોવાની હકીકત પણ બિનતકરારી છે ત્યારે તેઓ તરફે કરવામાં આવેલ માંગણી પણ વધુ પડતી જણાય છે અને તેથી સદર તમામ કાર્યવાહી કરવા સારુ એક અઠવાડીયા ના સમયગાળા માટે અરજદારને વચગાળાના જામીન પર મુકત કરવા વાજબી જણાય છે અને તેથી હાલની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# *:: હુ ક મ ::*

(૧) આથી અરજદાર–આરોપી અજયભાઈ અમૃતભાઈ દેસાઈ, રહે. : કરજણ, વડોદરાનાઓની વચગાળાના જામીન પર મુકત થવા માટેની હાલની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદારને તા.૧૬–૧૧–૨૦૨૨ થી તા. ૨૨–૧૧–૨૦૨૨ સુધી કુલ–૦૭ (સાત) દિવસના સમય માટે નીચેની શરતોને આધિન વચગાળાના જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

## *:: શ ર તો ::*

(૧) અરજદાર–આરોપીએ રુ.૨૦,૦૦૦૦–૦૦ (અંકે વીસ હજાર પૂરા) નામ જામીન તથા જાતજામીન અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

(૨) અરજદાર–આરોપીએ વચગાળાના જામીન પર મુકત થવા માટે રુ. ૫૦,૦૦૦–૦૦ (અંકે પચાસ હજાર પૂરા) ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે તથા અરજદાર પરત હાજર થયેથી સદર ડીપોઝીટ ની રકમ તેઓ ને પરત ચૂકવી આપવાની રહેશે.

(૩) વચગાળાના જામીનગાળા દરમ્યાન જામીન પર મુકત થયા બાદ અરજદાર– આરોપીએ કોઈ પણ સાહેદનો કોઈ પણ રીતે, કોઈ પણ પ્રકારે કોઈ જ સંપર્ક કરવો–કરાવવો નહિ કે તેઓને કોઈ લાલચ, ધાક–ધમકી આપવી નહિ કે ફોડવા–ફેરવવાનો કોઈ પ્રયત્ન કરવો નહિ.

(૪) ઉકત સમય દરમ્યાન અરજદાર–આરોપીએ દિવસમાં એક વખત ડી.સી.બી. પો.સ્ટે., અમદાવાદ ખાતે હાજરી પૂરાવવી.

(૫) અરજદાર–આરોપીએ તા.૨૩–૧૧–૨૦૨૨ ના રોજ કલાક : ૧૧ :૦૦ પહેલા મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે જયુ. કસ્ટડીમાં હાજર થઈ જવું તથા અરજદાર–આરોપી હાજર થતા જેલ સત્તાવાળાઓ એ તે અંગેની જાણ તાત્કાલિક અત્રેની અદાલતને કરવી.

(૫) ઉપરોકત સમયગાળા દરમ્યાન અરજદાર–આરોપીએ ગુજરાત રાજયની હદ છોડવી નહિ.

×××××××××

(૩) હુકમ મુજબ જરુરી યાદી કરવી.

હુકમ આજ રોજ તા. ચૌદમી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

*તા.: ૧૪–૧૧–૨૦૨૨*
*કરજણ–વડોદરા.*

*(રાજેશ સુરેશચંદ્ર પુરાણી )*
*નવમા એડીશનલ સેશન્સ જજ,*
*કરજણ.*
*(કોડ નં. જીજે–૦૦૭૨૭)*

***(B.L.Ganatra)***